T-20 વર્લ્ડકપ | આજની મેચ | શ્રીલંકા v/s ઓમાન ▶ સમયઃ સવારે 11 વાગ્યે ▶ સ્થળઃ કેન્ડી | નેપાળ v/s ઇટાલી ▶ સમયઃ બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળઃ મુંબઇ | ભારત v/s નામિબિયા ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ દિલ્હી

બે સુપર ઓવરના દિલધડક રોમાંચક મુકાબલામાં અફઘાનિસ્તાન ઇતિહાસ રચતા ચુક્યું

ડબલ થ્રિલર મેચમાં દ. આફ્રિકાએ અફઘાનિસ્તાન હરાવ્યું

મુકાબલો ટાઇ થયા પછી સુપર ઓવર પણ ટાઇ થઇ અને બીજી સુપર ઓવરમાં છેલ્લા બોલે આફ્રિકા જીત્યું

બીજી સુપર ઓવરમાં જીત માટે જરૂરી 23 રન સામે ગુરબાઝે સતત ત્રણ છગ્ગા ફટરીને પ્રોટીઝના શ્વાસ અદ્ધર કર્યા

અમદાવાદ, તા. 11 (પીટીઆઈ) : ઓપનર રહેમાનુલ્લાહ ગુરબાઝના શૌર્યપૂર્ણ પ્રદર્શન છતાં, અફઘાનિસ્તાન બુધવારે અહીં બે સુપર ઓવરવાળી થ્રિલર રોમાંચક મેચમાં દક્ષિણ આફ્રિકા સામે બીજી સુપર ઓવરમાં છેલલા બોલે હાર્યું હતું અને તેના કારણે તેઓ દક્ષિણ આફ્રિકા સામે પહેલી જીત મેળવવાનો ઇતિહાસ રચતા ચૂકવાની સાથે સુપર આઠમાં પહોંચવાની તેમની આશાઓને મોટો ફટકો પડ્યો હતો.

પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ દક્ષિણ આફ્રિકાએ છ વિકેટે 187 રન બનાવ્યા હતા. જવાબમાં, અફઘાનિસ્તાનની ટીમ 19.4 ઓવરમાં 187 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. તે પછી પહેલી સુપર ઓવર પણ ટાઇ રહી હતી. દક્ષિણ આફ્રિકા તરફથી લુંગી ન્ગીડીએ સુપર ઓવર ફેંકી હતી, જેમાં અફઘાનિસ્તાને 17 રન બનાવ્યા હતા, જેમાં અઝમતુલ્લાહ ઉમરઝાઈનો એક છગ્ગો અને બે ચોગ્ગાનો સમાવેશ થાય છે. તે પછી ફઝલહક ફારૂકીની ઓવરમાં ટ્રિસ્ટન સ્ટબ્સે છેલ્લા બોલ પર છગ્ગો ફટકારતા દક્ષિણ આફ્રિકાએ પણ એક વિકેટે 17 રન બનાવતા મેચ બીજી સુપર ઓવર પર ગઈ હતી. અફઘાનિસ્તાન વતી ઉમરઝાઈ બીજી સુપર ઓવર ફેંકવા આવ્યો, જેમાં દક્ષિણ આફ્રિકાએ ડેવિડ મિલરના બે છગ્ગાની મદદથી 23 રન બનાવ્યા. ત્યારબાદ દક્ષિણ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજે પહેલા બે બોલ પર કોઈ રન ન આપીને મોહમ્મદ નબીને આઉટ કર્યો.

ગુરબાઝે સતત ત્રણ છગ્ગા ફટકારીને તેમના શ્વાસ અદ્ધર કર્યા હતા અને તે પછીનો બોલ વાઈડ આવતા અંતિમ બોલ પર ચાર રન કરવાના હતા પણ તે છેલ્લા બોલ પર આઉટ થતા દક્ષિણ આફ્રિકા મેચ જીત્યું હતું. આ જીતથી દક્ષિણ આફ્રિકાને બે મેચમાંથી ચાર પોઈન્ટ મળ્યા છે, જ્યારે આ અફઘાનિસ્તાનની સતત બીજી હાર છે. આગામી તબક્કામાં આગળ વધવા માટે, તેમને તેમની બાકીની બંને મેચ જીતવાની જરૂર પડશે અને અન્ય મેચોમાં પણ અનુકૂળ પરિણામોની આશા રાખવી પડશે. લક્ષ્યાંક આંબતી વખતે અફઘાનિસ્તાન સારી સ્થિતિમાં હતું, પરંતુ તે પછી ફટાફટ વિકેટો પડતા તેઓની હાર નિશ્ચિત બની હતી, 10માં ક્રમે બેટિંગમાં આવેલા નુર મહંમદે જો કે રબાડાની ઓવરમાં છગ્ગો ફટકાર્યા પછી અંતિમ બોલે જીત માટે જરૂરી બે રન પુરા કરવામાં ફારૂકી રનઆઉટ થતાં મુકાબલો ટાઇ થયો હતો.

સુપર ઓવર 1 બેટ્સમેન-ઓમરઝઇ, બોલર- લુંગી એન્ગીડી
બેટ્સમેન-બ્રેવિસ/સ્ટબ્સ બોલર- ફઝલહક ફારૂકી

અફઘાનિસ્તાન	રન	4	6	1	1	4	1	
સુપર ઓવર 1	બોલ	1	2	3	4	5	6	
દક્ષિણ આફ્રિકા	રન	1	6	W	4	0	6	

સુપર ઓવર 2 બેટ્સમેન સ્ટબ્સ/મિલર બોલર-ઓમરઝઇ
બેટ્સમેન-ઓમરઝઇ/ગુરબાઝ બોલર-કેશવ મહારાજ

દક્ષિણ આફ્રિકા	રન	6	1	2	6	6	2	-
સુપર ઓવર 2	બોલ	1	2	3	4	5	6	6
અફઘાનિસ્તાન	રન	0	W	6	6	6	વાઇડ	W

આજે નામિબીયા સામે મેચ, અભિષેકના ખરાબ સ્વાસ્થ્યથી ભારત ચિંતિત

અભિષેકની ગેરહાજરીમાં સંજુ સેમસન માટે ટીમમાં વાપસી કરવા ફોર્મ બતાવવાની સુવર્ણ તક

સાંજે 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપની આવતીકાલે અહીં રમાનારી મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતને નામિબિયાથી કોઈ ખતરો નથી, પરંતુ ઓપનર અભિષેક શર્માના પેટમાં ઈન્ફેક્શન ટીમ મેનેજમેન્ટને ચિંતામાં મૂકશે કારણ કે તે તેમની યોજનાઓ પર પ્રતિકૂળ અસર કરી શકે છે.

અમેરિકા સામેની પહેલી મેચમાં વાનખેડેની સ્ટીકી પિચ પર બેટ્સમેન અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. હવે, તેઓ ઉત્તમ બેટિંગ સપાટી ધરાવતા ફિરોઝ શાહ કોટલા પિચ પર આક્રમક રીતે રમવાનો પ્રયાસ કરશે. નામિબિયા સામે ભારતને નોંધપાત્ર ફાયદો છે, જેની ટીમ તે જ મેદાન પર નેધરલેન્ડ્સ સામે સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ હતી. આ મેચ 15 ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામેની મહત્વપૂર્ણ મેચ પહેલા ભારત માટે પ્રેક્ટિસ તરીકે કામ કરશે.

જો ભારત ટોસ જીતે છે, તો તેઓ પહેલા બેટિંગ કરવા માંગશે જેથી તેમના બેટ્સમેનોને પૂરતી તકો મળી શકે. નામિબિયાનું બોલિંગ આક્રમણ અસાધારણ છે. પેટના ઈન્ફેક્શન અને વાયરલ તાવને કારણે અભિષેકનું હોસ્પિટલમાં દાખલ થવું ભારત માટે ચિંતાનો વિષય છે. જો તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે તો પણ, રવિવારે પાકિસ્તાન સામેની મોટી મેચ પહેલા તેને સંપૂર્ણપણે સ્વસ્થ થવાની તક આપવા માટે તેને મેદાનમાં ઉતારવું યોગ્ય રહેશે નહીં, જ્યાં તે મેચમાં અભિષેકની હાજરી વિરોધી ટીમ માટે એક મહત્વપૂર્ણ પડકાર સાબિત થશે.

નામિબિયા સામેની મેચ ખરાબ ફોર્મમાં સંઘર્ષ કરી રહેલા સંજુ સેમસન માટે ફોર્મમાં પાછા ફરવાની સુવર્ણ તક સાબિત થઈ શકે છે કારણ કે સતત નિષ્ફળતાઓને કારણે તેને ઈશાન કિશન સામે પોતાનું સ્થાન ગુમાવવું પડ્યું હતું. સંજુ સ્વસ્થ છે અને ઈજાગ્રસ્ત ખેલાડીના સ્થાને ટીમમાં તેની ભૂમિકાને સમજી રહ્યો છે. તે એક સાચો ખેલાડી છે, તે ટીમ સાથે સારી રીતે તાલમેલ રાખી રહ્યો છે, તે સારી તાલીમ લઈ રહ્યો છે, અને અમે ટીમના દરેક વ્યક્તિ પાસેથી આ જ અપેક્ષા રાખીએ છીએ સહાયક કોચ રાયન ટેન ડોશેએ મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.

અભિષેક શર્માને બે દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

પેટમાં ઇન્ફેક્શન થવાને કારણે અભિષેક શર્મા બે દિવસથી હોસ્પિટલમાં દાખલ હતો, આજની મેચ રમવા માટે શંકા

નવી દિલ્હી, તા. 11 (PTI) : ભારતીય ઓપનર અભિષેક શર્માને પેટમાં ઈન્ફેક્શનના કારણે બે દિવસ હોસ્પિટલમાં રાખ્યા બાદ રજા આપવામાં આવી છે. જોકે, આ બીમારીને કારણે ગુરુવારે અહીં નામિબિયા સામે રમાનારી ટી-20 વર્લ્ડકપ મેચમાં તેના રમવા અંગે શંકા સેવાઈ રહી છે. મેચ પૂર્વેની પ્રેસ કોન્ફરન્સમાં તેના સાથી ખેલાડી તિલક વર્માએ જણાવ્યું હતું કે, આવતીકાલની મેચમાં આ આક્રમક ઓપનરના રમવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. વર્માએ પત્રકારોને કહ્યું કે જ્યારે અમે દિલ્હી પહોંચ્યા, ત્યારે તે તપાસ માટે હોસ્પિટલ ગયો હતો. તેને આજે રજા આપવામાં આવી છે અને તેની તબિયત સારી છે. મેચ માટે અમારી પાસે હજુ એક દિવસ બાકી છે. આશા છે કે આવતીકાલ સુધીમાં તે કેવું અનુભવે છે તેના આધારે અમે નિર્ણય લઈશું. શનિવારે મુંબઈમાં અમેરિકા સામેની પ્રથમ મેચમાં અભિષેક શૂન્ય રને આઉટ થયો હતો અને ત્યારબાદ તે ફિલ્ડિંગમાં પણ નહોતો આવ્યો, તેના સ્થાને સંજુ સેમસન ફિલ્ડિંગ કરવા ઉતર્યો હતો. એવી માહિતી મળી છે કે તે મેચ દરમિયાન જ અસ્વસ્થ હતો અને દિલ્હી પહોંચ્યા બાદ તેની હાલત વધુ બગડી હતી. ભારત માટે હાલની પ્રાથમિકતા નામિબિયા સામેની મેચ નથી, પરંતુ 15 ફેબ્રુઆરીએ કોલંબોના પ્રેમદાસા સ્ટેડિયમમાં પાકિસ્તાન સામે રમાનારી મહત્વની મેચ છે. પેટમાં ચેપ લાગવાને કારણે વ્યક્તિની શક્તિ (અને ક્ષમતા પર અસર પડે છે. હવે જોવાનું એ રહેશે કે શું અભિષેક શુક્રવારે પ્રવાસ કરવા, શનિવારે પ્રેક્ટિસ કરવા અને રવિવારે મેદાન પર ઉતરવા માટે સક્ષમ હશે કે નહીં.

વેસ્ટઇન્ડિઝે ઇંગ્લેન્ડને 30 રને હરાવ્યું

વેસ્ટઈન્ડિઝે આપેલા 198 રનના લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડ 166 રનમાં ઓલઆઉટ થયું

રદરફોર્ડની તોફાની બેટિંગ અને મોતીના સ્પીન સામે ઈંગ્લેન્ડની શરણાગતિ

મુંબઈ, તા. 11 (પીટીઆઈ): વેસ્ટ ઈન્ડીઝે શેરફેન રદરફોર્ડની શાનદાર અણનમ 76 રનની ઈનિંગ અને ગુડાકેશ મોતીની ત્રણ વિકેટની મદદથી ટી-20 વર્લ્ડકપના ગ્રુપ-સીના મહત્વના મુકાબલામાં ઈંગ્લેન્ડને 30 રને હરાવ્યું છે. વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં રદરફોર્ડે 42 બોલમાં પાંચ છગ્ગા અને બે ચોગ્ગાની મદદથી 76 રન ફટકારી પ્રેક્ષકોનું ભરપૂર મનોરંજન કર્યું હતું.

197 રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ 19 ઓવરમાં 166 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડ તરફથી સેમ કરને સૌથી વધુ અણનમ 43 રન અને ફિલ સોલ્ટે 30 રન બનાવ્યા હતા. જોકે, ગુડાકેશ મોતીએ 32 રન આપીને ત્રણ મહત્વની વિકેટો ઝડપી ઈંગ્લેન્ડની બેટિંગ લાઈનઅપને વેરવિખેર કરી નાખી હતી. જેકોબ બેથેલે 33 અને હેરી બ્રુકે 17 રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ તે જીત માટે પૂરતું નહોતું.

આ પહેલા વેસ્ટ ઈન્ડીઝની શરૂઆત નબળી રહી હતી અને 8 રનમાં જ 2 વિકેટ પડી ગઈ હતી. પરંતુ રોસ્ટન ચેઝના 34 રન અને રદરફોર્ડની તોફાની ઈનિંગે ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી. અંતિમ ઓવરોમાં જેસન હોલ્ડરે માત્ર 17 બોલમાં 33 રન (4 છગ્ગા) ફટકારી સ્કોર 196 સુધી પહોંચાડ્યો હતો. રદરફોર્ડ અને હોલ્ડર વચ્ચેની આક્રમક ભાગીદારીએ વેસ્ટ ઈન્ડીઝની જીતનો પાયો નાખ્યો હતો.

કોલંબોમાં ભારત-પાકિસ્તાન મુકાબલા માટે અમે તૈયાર છીએ : તિલક વર્મા

સહાયક કોચ રાયન ડોશેના મતે પાકિસ્તાન છેલ્લા કેટલાક સમયથી શ્રીલંકામાં હોવાથી તેમને થોડો ફાયદો થઇ શકે

નવી દિલ્હી, તા. 11 : ભારતીય બેટ્સમેન તિલક વર્માએ બુધવારે અહીં જણાવ્યું હતું કે ટીમ 15 ફેબ્રુઆરીએ ટી-20 વર્લ્ડકપમાં પાકિસ્તાન સામેની મેચ માટે ઉત્સાહિત છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) અને અન્ય સભ્ય દેશોના દબાણ બાદ પાકિસ્તાને કોલંબોમાં ભારત સામેની મેચના બહિષ્કાર અંગે યુ-ટર્ન લીધો હતો.

તિલકે કહ્યું હતું કે સાચું કહું તો, અમે આ મેચ રમવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ. અમને ગઈકાલે ખબર પડી કે મેચ થવા જઈ રહી છે. અમે રમવા માટે તૈયાર છીએ. અમે બધી ટીમો પર નજર રાખી રહ્યા છીએ. અમે બોલરો અને બેટ્સમેન પર નજર રાખી રહ્યા છીએ. બધા ખેલાડીઓ અને ટીમના સભ્યો રમવા માટે તૈયાર છે. અમે હવે 'મેચ ઝોન'માં છીએ. ભારતના સહાયક કોચ રાયન ટેન ડોશેએ કહ્યું હતું કે પાકિસ્તાનને થોડો ફાયદો થઈ શકે છે કારણ કે તેઓ છેલ્લા કેટલાક સમયથી શ્રીલંકામાં છે અને તેમની બધી મેચ ત્યાં રમશે.

તિલક આ મેચ વિશે વધુમાં કહ્યું હતું કે અમે એક સમયે એક મેચ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમારી પાસે વિડીયો વિશ્લેષણ અને ટેકનોલોજી છે, તેથી અમે જોઈશું કે અમે કેવી રીતે રમીએ છીએ અને વિકેટ કેવી રીતે વર્તે છે. અમે તૈયાર છીએ. દરેક ટીમના ખેલાડીઓ અલગ અલગ પ્રકારના શોટ રમે છે. આ વિકેટ પર કયા શોટ રમવા અને કયા બોલરોને કેવી રીતે રમવા તે માટે અમારી પાસે પહેલેથી જ એક યોજના તૈયાર છે.

આ વખતે અમે ભારત સામે અલગ માનસિકતા સાથે રમીશું : સાહિબજાદા ફરહાન

કોલંબો, તા. 11 : પાકિસ્તાનના ઓપનર સાહિબજાદા ફરહાને રવિવારે અહીં કટ્ટર હરીફ ભારત સામેની ટી-20 વર્લ્ડકપ મેચને 'સામાન્ય મેચ' ગણાવી હતી, પરંતુ એમ પણ કહ્યું હતું કે આ વખતે તેમની ટીમ એક અલગ માનસિકતા સાથે મેચમાં ઉતરશે. નેધરલેન્ડ અને યુનાઇટેડ સ્ટેટ્સને હરાવીને પાકિસ્તાન ગ્રુપ A માં ટોચ પર પહોંચ્યું છે. તેઓ નેધરલેન્ડ્સને હરાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા પરંતુ ફરહાને 41 બોલમાં શાનદાર 73 રનની મદદથી યુનાઇટેડ સ્ટેટ્સને સરળતાથી 32 રનથી હરાવ્યું. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં, ફરહાનને ભારત સામેની મેચ વિશે પૂછવામાં આવ્યું, જે પાકિસ્તાન સરકારે બહિષ્કારનું એલાન પાછું ખેંચ્યા પછી 15 ફેબ્રુઆરીએ નિર્ધારિત સમયપત્રક મુજબ રમાશે. સતત બે મેચ જીતવાથી અને ટેબલમાં ટોચ પર રહેવાથી અમને આત્મવિશ્વાસ મળે છે. આગામી મેચ સામાન્ય હશે. આ પહેલી વાર નથી જ્યારે અમે તેમની સામે રમીશું. અમે પહેલા પણ તેમની સામે રમ્યા છીએ, પરંતુ આ વખતે અમારી માનસિકતા અલગ હશે. તમે શાદાબ ખાન અને મોહમ્મદ નવાઝને રન બનાવતા જોયા હશે. આશા છે કે, તમને તેમની સામે અમારી રમતનો આનંદ આવશે. આ એક સામાન્ય મેચ હશે અને અમે તેને અન્ય કોઈપણ મેચની જેમ જ રમીશું. અમે એવું નહીં વિચારીએ કે તે ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ છે. અમે તેને એક સામાન્ય મેચની જેમ રમીશું એવું તેણે કહ્યું હતું.

ઓમાન સામે આજે શ્રીલંકાના મિડલ ઓર્ડર પર નજર

પલ્લીકલ, તા. 11 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપની આવતીકાલે ગુરુવારે અહીં રમાનારી ગ્રુપ બી મેચમાં જ્યારે શ્રીલંકા ઓમાન સામે ટકરાશે ત્યારે ઇજાગ્રસ્ત વાનિન્દુ હસરંગા બહાર થવાને પગલે તેઓ બેટિંગમાં સુધારો કરવાની સાથે જ નવું બોલિંગ કોમ્બિનેશન શોધવાનો પ્રયાસ કરશે. આયર્લેન્ડ સામેની તેમની પહેલી મેચ દરમિયાન હેમસ્ટ્રિંગની ઇજાને કારણે સ્પિન બોલર હસરંગા ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. આ આઇસીસી ટુર્નામેન્ટ પહેલા શ્રીલંકાએ નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું, તેમને ઈંગ્લેન્ડ સામે 0-3 થી ઘરઆંગણે શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે, સહ-યજમાન ટીમે આયર્લેન્ડ પર 20 રનથી વિજય મેળવીને પોતાના અભિયાનની સકારાત્મક શરૂઆત કરી હતી. જોકે, આ મેચે સ્પિન બોલિંગ સામે તેમની નબળાઈ છતી કરી. જ્યારે આયર્લેન્ડે તેમની સ્પિન બોલિંગનો ઉપયોગ કર્યો, ત્યારે શ્રીલંકાના બેટ્સમેનો સાતમી અને 15મી ઓવર વચ્ચે એક પણ બાઉન્ડ્રી ફટકારવામાં નિષ્ફળ ગયા. ઓમાન આનો લાભ લેવાનો પ્રયાસ કરશે.

શ્રીલંકાની ટીમમાં હસરંગાના સ્થાને દુશાન હેમંતાનો સમાવેશ

કોલંબો, તા. 11 : સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર દુશાન હેમંતાને ઇજાગ્રસ્ત વાનિન્દુ હસરંગાના સ્થાને ટી-20 વર્લ્ડકપ માટે શ્રીલંકન ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. હસરંગા આયર્લેન્ડ સામેની પહેલી મેચ દરમિયાન ઘાયલ થવાને પગલે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ટીમનો આગામી મુકાબલો આવતીકાલે ગુરુવારે ઓમાન સામે થશે. ટી-20 વર્લ્ડકપ 2026 કોમ્પિટિશન ટેકનિકલ કમિટીએ હસરંગાના સ્થાને શ્રીલંકાની ટીમમાં હેમંતાનો સમાવેશ કરવાની મંજૂરી આપી હોવાનું આઇસીસીએ એક રિલીઝમાં જણાવ્યું હતું.

ઇટાલી સામે આજની મેચમાં જીત પર નેપાળની નજર

મુંબઈ, તા. 11 (પીટીઆઈ) : પોતાની પહેલી મેચમાં ઈંગ્લેન્ડને સખત લડત આપનારું નેપાળ આવતીકાલે ગુરુવારે અહીં ઇટાલી સામેની ટી-20 વર્લ્ડકપ મેચ જીતવા માટે કોઈ કસર છોડશે નહીં. ઇટાલી પહેલી વાર આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યું છે, જ્યારે નેપાળે 12 વર્ષ પહેલા ડેબ્યૂ કર્યું હતું. તેમણે 2014માં હોંગકોંગ અને અફઘાનિસ્તાનને હરાવ્યું હતું, પરંતુ ત્યારથી નેપાળે એક પણ મેચ જીતી નથી. રસપ્રદ વાત એ છે કે, નેપાળ ત્રણ વખત ટેસ્ટ રમતા દેશોને હરાવવાની નજીક પહોંચ્યું હતું, પરંતુ 2024માં દક્ષિણ આફ્રિકા સામે માત્ર એક રનથી અને બાંગ્લાદેશ સામે 21 રનથી હારી ગયું હતું. રવિવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે, ઈંગ્લેન્ડ સામે, તેઓ લક્ષ્ય હાંસલ કરવાની નજીક પહોંચ્યા હતા પરંતુ અંતે ચાર રનથી હારી ગયા.

એલિસ-ઝામ્પાની જોરદાર બોલિંગથી ઓસ્ટ્રેલિયાએ આયર્લેન્ડને હરાવ્યું

માર્કસ સ્ટોઇનિસ- મેટ રેનશોની ભાગીદારીથી ઓસ્ટ્રેલિયાએ 183 રન બનાવ્યા

એલિસ અને ઝમ્પાની ચાર-ચાર વિકેટને પગલે આયર્લેન્ડ 16.5 ઓવરમાં 115 રને ઓલઆઉટ

કોલંબો, તા. 11 (પીટીઆઈ) : ઝડપી બોલર નાથન એલિસ અને લેગ-સ્પિનર એડમ ઝામ્પાની શાનદાર બોલિંગની મદદથી ઓસ્ટ્રેલિયાએ બુધવારે અહીં ગ્રુપ બી મેચમાં આયર્લેન્ડ સામે ૬૭ રનથી જીત મેળવીને ટી-20 વર્લ્ડકપ અભિયાનની જીત સાથે શરૂઆત કરી હતી. એલિસે પોતાના શરૂઆતના સ્પેલમાં ત્રણ વિકેટ લઈને જીતનો સૂર ગોઠવ્યો. તેણે ટોપ ઓર્ડરનો ધબકડો કર્યો, જ્યારે ઝામ્પાએ મધ્યમ અને નીચલા ક્રમને તહસનહસ કરતાં આયર્લેન્ડ 183 રનના લક્ષ્યનો પીછો કરતા 16.5 ઓવરમાં નવ વિકેટે 115 રન બનાવી શક્યું હતું. આયર્લેન્ડનો કેપ્ટન પોલ સ્ટર્લિંગ એક બોલ રમ્યા બાદ રિટાયર્ડ હર્ટ થયા અને બેટિંગમાં પાછા ફર્યા નહીં. આયર્લેન્ડ તરફથી જ્યોર્જ ડોકરેલે સૌથી વધુ 41 રન બનાવ્યા. ટોસ જીતીને ધીમી પીચ પર બેટિંગ કર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસ (45) અને મેથ્યુ રેનશો (37) વચ્ચે પાંચમી વિકેટ માટે ૬૧ રનની મહત્વપૂર્ણ ભાગીદારીની મદદથી છ વિકેટે 182 રનનો સ્પર્ધાત્મક સ્કોર બનાવ્યો હતો.

માર્શ ઈજાને કારણે પહેલી મેચમાંથી બહાર, સ્મિથને કવર તરીકે સામેલ કરાયો



કોલંબો, તા. 11 (પીટીઆઇ) : ઓસ્ટ્રેલિયન કેપ્ટન મિચેલ માર્શ આ અઠવાડિયાની શરૂઆતમાં તાલીમ દરમિયાન થયેલી ગ્રોઇનની ઈજાને કારણે આયર્લેન્ડ સામેની ટી-20 વર્લ્ડકપની ઓસ્ટ્રેલિયાની પહેલી મેચમાંથી બહાર થઈ ગયો છે. માર્શની ગેરહાજરીમાં ટ્રેવિસ હેડે ટીમનું નેતૃત્વ કર્યું હતું. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના એક નિવેદનમાં જણાવાયું છે કે આ અઠવાડિયાની શરૂઆતમાં તાલીમ દરમિયાન ગ્રોઇનમાં થયેલી ઈજાને કારણે મિચેલ માર્શ ટી-20 વર્લ્ડકપની પહેલી મેચમાંથી બહાર થઈ જશે. તેને હજુ પણ દુખાવો અને અસ્વસ્થતાનો અનુભવ થઈ રહ્યો છે. સ્કેનમાં ઈજાને કારણે તેને 'ટેસ્ટીક્યુલર' રક્તસ્રાવ થયાની પુષ્ટિ થઈ. તેને આરામ અને પુનર્વસનની જરૂર પડશે. રમતમાં તેની વાપસી તેની રિકવરી અને તબીબી સલાહ દ્વારા નક્કી કરવામાં આવશે. સ્ટેન્ડબાય ખેલાડી સ્ટીવ સ્મિથે ગયા વર્ષે ફેબ્રુઆરીથી ટી-20 ઇન્ટરનેશનલ મેચ રમી નથી, પરંતુ તે ફોર્મેટમાં સારા ફોર્મમાં છે.

ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સની આંખની સફળ સર્જરી

મહિનાની શરૂઆતમાં ચહેરા પર બોલ વાગતા સ્ટોક્સને આ ઇજા થઇ હતી

લંડન, તા. 11 (પીટીઆઈ) : ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સની જમણી આંખમાં આ મહિનાની શરૂઆતમાં ક્રિકેટ રમતી વખતે થયેલી ઈજા બાદ સફળ સર્જરી કરવામાં આવી છે.

34 વર્ષીય ઓલરાઉન્ડરે ઈન્સ્ટાગ્રામ પર આ માહિતી શેર કરી, જ્યાં તેણે તેની જમણી આંખ અને ગાલ પર ઉઝરડા અને સોજો દર્શાવતો એક ફોટો પણ પોસ્ટ કર્યો હતો. સ્ટોક્સે સાથે જ લખ્યું હતું કે ભલે એવું ન લાગે પણ સર્જરી સફળ રહી. સ્ટોક્સે આ મહિનાની શરૂઆતમાં ખુલાસો કર્યો હતો કે બોલ તેના ચહેરા પર વાગ્યો હતો. પાછળથી આવેલા અહેવાલોમાં કહેવાયું હતું કે ડરહામ ઈન્ડોર ક્રિકેટ સેન્ટરમાં એકેડેમીના ખેલાડીઓને કોચિંગ આપતી વખતે તેમને આ ઈજા થઈ હતી. સ્ટોક્સની કેપ્ટનશીપ હેઠળ ઈંગ્લેન્ડનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ નિરાશાજનક રહ્યો અને તેઓ પાંચ મેચની એશિઝ શ્રેણી 1-4થી હારી ગયા.

ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચો રમાડવા અંગે આજની બેઠકમાં ચર્ચા થશે : જી. પરમેશ્વરા

બેંગલુરુ, તા. 11 (PTI) : કર્ણાટકના ગૃહમંત્રી જી. પરમેશ્વરાએ બુધવારે જણાવ્યું હતું કે શહેરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ક્રિકેટ મેચો યોજવા માટે મંજૂરી આપવાની શક્યતા પર ચર્ચા કરવા અને નિર્ણય લેવા માટે ૧૨ ફેબ્રુઆરીએ એક બેઠક યોજાશે. તેમણે કહ્યું કે, સ્ટેડિયમનું સંચાલન કરતા કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન (KSCA) એ સુરક્ષા અને સલામતીની જરૂરિયાતોનું પાલન કર્યું છે કે નહીં, તેના આધારે બેઠકમાં ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે. ગયા વર્ષે ૪ જૂનના રોજ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)ના વિજયની ઉજવણી દરમિયાન સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગમાં ૧૧ લોકોના મોત થયા બાદ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચો બંધ કરી દેવામાં આવી હતી. આ ઘટનાની તપાસ માટે જસ્ટિસ જોન માઈકલ કુન્હા કમિશનની રચના કરવામાં આવી હતી. ક્રિકેટ ચાહકો આ બેઠકમાંથી સારા સમાચારની અપેક્ષા રાખી શકે છે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં પરમેશ્વરાએ કહ્યું, સારા સમાચાર કે ખરાબ સમાચાર જેવું કંઈ નથી.

નઝરુલનો યુ-ટર્ન : ખેલાડીઓ-BCBએ ભારતમાં ન રમવાનો નિર્ણય લીધો હતો

બાંગ્લાદેશના રમત સલાહકારે પહેલા કહ્યું ભારતમાં ન રમવાનો નિર્ણય સરકારે સુરક્ષાની ચિંતાને કારણે લીધાનું કહ્યું હતું

ઢાકા, તા. 11 (પીટીઆઈ) : બાંગ્લાદેશના રમતગમત સલાહકાર આસિફ નજરુલે હવે યુ-ટર્ન લેતા કહ્યું છે કે ભારતમાં ટી-20 વર્લ્ડકપ મેચ ન રમવાનો નિર્ણય બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) અને ખેલાડીઓ દ્વારા લેવામાં આવ્યો હતો. તેમણે અગાઉ કહ્યું હતું કે આ નિર્ણય સરકારની સુરક્ષા ચિંતાઓને કારણે લેવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશે ભારતમાં યોજાનારી તેની મેચો શ્રીલંકામાં ખસેડવાની વિનંતી કરી હતી, જેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઇસીસી) દ્વારા નકારી કાઢવામાં આવી હતી. ત્યારબાદ બાંગ્લાદેશને ટુર્નામેન્ટમાંથી હાંકી કાઢવામાં આવ્યું હતું અને તેની જગ્યાએ સ્કોટલેન્ડને લેવામાં આવ્યું હતું. જોકે, આઇસીસીએ બાંગ્લાદેશને દંડ ન કરવાનો નિર્ણય લીધો છે. બાંગ્લાદેશ ટીમને પડતી મૂકવામાં આવે તે પહેલાં આઇસીસી સાથેની નિષ્ફળ વાટાઘાટોમાં નઝરુલે મુખ્ય ભૂમિકા ભજવી હતી, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુરક્ષાના કારણોસર ટીમ ન મોકલવી એ બાંગ્લાદેશ સરકારનો વિશેષાધિકાર છે. નઝરુલને ટાંકીને એક વેબસાઈટ દ્વારા કહેવામાં આવ્યું હતું કે વર્લ્ડકપમાં ન રમવાનો કોઈ અફસોસ નથી. આ નિર્ણય બીસીબી અને ખેલાડીઓ દ્વારા દેશના ક્રિકેટ, જનતાની સુરક્ષા અને રાષ્ટ્રીય ગૌરવના રક્ષણ માટે લેવામાં આવ્યો હતો. અગાઉ, નજરુલે 22 જાન્યુઆરીએ કહ્યું હતું કે, મને લાગે છે કે અમને આઇસીસી તરફથી ન્યાય મળ્ય